RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 04, Dt.12-4-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાષ્ટ્રપતિએ ત્રણ માસમાં ખરડા પર નિર્ણય લેવો જરૂરી

## દેશના સર્વોચ્ચ બંધારણીય વડાની કલમ ૨૦૧ની સતા અંગે સુપ્રીમનું મહત્વપૂર્ણ અર્થઘટનઃ વધુ વિલંબ થાય તો રાજયને કારણો લેખીતમાં આપવા પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદામાં રાષ્ટ્રપતિને રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલો પર નિર્ણય લેવા માટે ૩ મહિનાની સમયમર્યાદા નક્કી કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રપતિ 'એબ્સોલ્યુટ વીટો' (સંપૂર્ણ નકાર) કે 'પોકેટ વીટો' (બિલને અટકાવી રાખવું)નો ઉપયોગ કરી શકે નહીં. આ નિર્ણયથી રાજ્ય સરકારોને રાષ્ટ્રપતિની નિષ્ક્રિયતા સામે રિટ પિટિશન દ્વારા મંડમસ (નિર્દેશ) મેળવવાનો માર્ગ ખુલ્યો છે.

સુપ્રીમ કોર્ટે એમ પણ જણાવ્યું કે જો રાષ્ટ્રપતિ બિલ પર નિર્ણય લેવામાં કારણો જણાવવામાં નિષ્ફળ જાય તો તેની સદ્ભાવના (બોના ફાઈડ્સ) પર પ્રશ્ન ઉભો થશે. આ ચુકાદો તમિલનાડુ અને કેરળ જેવા રાજ્યોના કેસોને ધ્યાનમાં રાખીને આવ્યો છે, જ્યાં રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ દ્વારા બિલોને લાંબા સમય સુધી અટકાવવામાં આવ્યા હતા.

શું છે આ ચુકાદાનો પૂર્વ ઈતિહાસ? આ નિર્ણયની પળશ્ભૂમિમાં તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિની કામગીરી પર સુ-ીમ કોર્ટની ટિપ્પણી મહત્વની છે. કોર્ટે રાજ્યપાલની ૧૦ બિલો પર નિર્ણય ન લેવાની અને તેને રાષ્ટ્રપતિને મોકલવાની કાર્યવાહીને 'બંધારણ વિરોધી' ગણાવી હતી. આ બિલો જાન્યુઆરી ૨૦૨૦થી એપ્રિલ ૨૦૨૩ સુધી પેન્ડિંગ હતા. કોર્ટે આર્ટિકલ ૧૪૨નો



ઉપયોગ કરીને આ બિલોને મંજૂર થયેલા જાહેર કર્યા હતા.

રાજ્યોને શું ફાયદો? આ ચુકાદાથી રાજ્ય સરકારોને તેમના બિલો પર ઝડપી નિર્ણયની ખાતરી મળશે. જો રાષ્ટ્રપતિ ૩ મહિનામાં નિર્ણય ન લે તો રાજ્યો સુપ્રીમ કોર્ટમાં રિટ પિટિશન દાખલ કરી શકે છે. આ નિર્ણય ખાસ કરીને એવા રાજ્યો માટે ફાયદાકારક છે જ્યાં રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ વચ્ચે વિવાદો ચાલી રહ્યા છે.

શું છે રાજ્યોનો આક્ષેપ? તમિલનાડુ અને કેરળ જેવા રાજયોએ રાજયપાલો અને રાષ્ટ્રપતિ પર બિલોને લાંબા સમય સુધી અટકાવવાનો આરોપ લગાવ્યો હતો. કેરળ સરકારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં રિટ પિટિશન દાખલ કરી હતી, જેમાં ચાર બિલો પર નિર્ણય ન લેવાનો અને કારણો ન જણાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

એક્સ પ્લેટફોર્મ પર આ નિર્ણયને લઈને ઉગ્ર ચર્ચા ચાલી રહી છે. કેટલાક યુઝર્સે આને રાષ્ટ્રપતિની સત્તા પર 'ન્યાયિક દખલ' ગણાવી છે, જ્યારે અન્યોએ આ નિર્ણયને રાજ્યોના હકનું રક્ષણ કરનાર ગણાવ્યો છે. જોકે, આ મુદ્દે ચોક્કસ તથ્યોની પુષ્ટિ થવી હજુ બાકી છે.

આ ચુકાદો ભારતના સંઘીય ઢાંચામાં રાજયોની વિધાનસભાઓની શક્તિને મજબૂત કરે છે. રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની નિષ્ક્રિયતા સામે રાજ્યોને કાનૂની માર્ગ મળવાથી શાસન વધુ પારદર્શી અને જવાબદાર બનશે એવી આશા છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દમાં જણાવ્યું કે, અગાઉ સરકારીયા અને પુંછી કમીશન એ જે ગાઈડલાઈન નિશ્ચિત કરી છે અને કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિની ભૂમિકા પણ નિશ્ચિત કરી છે તે સંદર્ભમાં ગૃહમંત્રાલયે આપેલી માર્ગરેખા મુજબ રાષ્ટ્રપતિએ પણ તેની સમક્ષ રજુ થતા ખરડાઓ પર નિર્ણય લેવો જરૂરી છે અને તે રોકવાનો રાષ્ટ્રપતિને પણ વિટો નથી અને તેથી રાષ્ટ્રપતિ દ્વારા રોકાયેલ ખરડા સંબંધી રાજય અદાલતમાં આવી શકે છે.સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ જે.બી.પારડીવાલાના વડપણ હેઠળની ખંડપીઠે એ પણ જણાવ્યુ કે જો નિર્ણયમાં ૩ માસથી વધુ સમય થાય તો તેના કારણો લેખિતમાં નોંધ કરીને સંબંધીત રાજય સરકારને જણાવવાના રહેશે.દેશના બંધારણની કલમ ૨૦૧નું અર્થઘટન સંબંધમાં આ એક અત્યંત મહત્વપૂર્ણ અર્થઘટન છે. જયારે કલમ ૨૦૧માં રાષ્ટ્રપતિ માટે કોઈ સમય મર્યાદા નિશ્ચિત કરવામાં આવી નથી

### સુપ્રિમના ઐતિહાસિક ચુકાદાના મુખ્ય અંશ

રાષ્ટ્રપતિએ રાજયપાલ દ્વારા મોકલેલા બિલો પર ૩ મહિનામાં નિર્ણય લેવો પડશે. ✻ વીટો પર પ્રતિબંધ : રાષ્ટ્રપતિ 'એબ્સોલ્યુટ વીટો' કે 'પોકેટ વીટો'નો ઉપયોગ નહીં કરી શકે. ✻ કારણોની જરૂર : બિલ નકારવા માટે રાષ્ટ્રપતિએ સ્પષ્ટકારણો જણાવવા પડશે, નહીં તો સદ્દભાવના પર પ્રશ્ન ઉભો થશે. ✻ રાજ્યોનો અધિકાર : રાષ્ટ્રપતિની નિષ્ક્રિયતા સામે રાજ્યો મંડમસ માટે રિટ પિટિશન દાખલ કરી શકે છે.

## છેલ્લા ત્રણ વર્ષમાં રિટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા અત્યંત ઝડપથી વધી

■ આ વર્ષે ૯.૧૯ કરોડ લોકોએ આઈટી રિટર્ન ભર્યા




**મુખ્ય સમાચાર,મુંબઈ**

દેશમાં ૨૦૨૪/૨૫ના નાણાકીય વર્ષના રિટર્ન ફાઈલ કરવાની તા.૩૧ માર્ચ ૨૦૨૫ની સમય વિસામાં ૮.૬૪ કરોડ લોકોએ રિટર્ન ફાઈલ કર્યા હતા. બાદમાં વધારાના સમયમાં ફાઈલ થયેલા રિટર્નમાં હવે આ સંખ્યા ૯.૧૯ કરોડ થઈ છે.

છેલ્લા ત્રણ વર્ષમાં રિટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા અત્યંત ઝડપથી વધી છે. અગાઉના વર્ષમાં ૮.૫૨ કરોડ રિટર્ન ફાઈલ થયા હતા અને ૨૦૨૨/૨૩માં તે સંખ્યા ૭.૭૮ કરોડની હતી.

આમ અગાઉના વર્ષની સરખામણીમાં ૧૮% વધુ રિટર્ન ફાઈલ થયા છે. દેશમાં કુલ ૩.૨૪ લાખ લોકોએ રૂા.૧ કરોડ કે તેથી વધુની આવક દર્શાવી છે જેમાં ૨.૯૭ લાખ લોકોએ તેની આવક રૂા.૧ કરોડથી પાંચ કરોડ વચ્ચેની દર્શાવી છે.

આવકવેરા પોર્ટલ પરના આંકડા મુજબ રૂા.પથી૧૦ કરોડ વચ્ચેની આવક દર્શાવનાર રીટર્નની સંખ્યા ૧૬૭૯૭ રહી છે અને ૧૦ કરોડ કે તેથી વધુની આવક ધરાવતા રિટર્નની સંખ્યા ૧૦૧૮૪ નોંધાઈ છે.

દેશમાં હાલના બજેટમાં હવે રૂા.૧૨ લાખ સુધીની આવક ટેક્ષ ફ્રી કરી છે તેથી આગામી વર્ષ રિટર્ન ફાઈલ કરનારની સંખ્યા ઘટી જશે તેવો અંદાજ છે.

## રાજય સરકારને મિલકત સ્ટેમ્પ ડ્યુટી પેટે ૧૪૭૦૬ કરોડની આવક

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતમાં નવા જંત્રીદરનો અમલ કરવાની તૈયારી ચાલી જ રહી છે ત્યારે ગત નાણાકીય વર્ષમાં રાજય સરકારને મિલકત સ્ટેમ્પ ડ્યુટી તથા રજીસ્ટ્રેશન ફી પેટે ૧૪૭૦૬ કરોડની આવક થઈ હતી. આગલા વર્ષની ૧૩૭૩૨ કરોડની સરખામણીએ તેમાં ૯૭૨ કરોડનો વધારો થયો હતો. છેલ્લા એક વર્ષમાં રીઅલ એસ્ટેટ ક્ષેત્ર ધમધમતુ રહ્યાની આ સાબીતી હોવાનો સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

રાજય સરકારના સતાવાર આંકડા પ્રમાણે ૨૦૨૪-૨૫માં રાજયમાં કુલ ૧૮.૭૭ લાખ મિલ્કત રજીસ્ટ્રેશન થયા હતા. જે આગલા વર્ષની સરખામણીએ ૫૦૩૪૧ વધુ હતા. રજીસ્ટ્રેશનમાં ૨.૮ ટકાના વધારા સામે સરકારની આવકમાં ૭.૦૯ ટકાનો વધારો થયો હતો. ગત નાણાં વર્ષમાં જંત્રીદરમાં કોઈ બદલાવ ન થવા છતાં સરકારની આવકમાં વધારો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારે એપ્રિલ ૨૦૨૩માં જંત્રીદરમાં ૧૦૦ ટકાનો વધારો કર્યો હતો. જંત્રીદર ડબલ થઈ જતા સરકારની ૨૦૨૩-૨૪માં સ્ટેમ્પ ડ્યુટી-રજીસ્ટ્રેશન ફીની આવક ૧૩૭૩૧.૬૩ કરોડે પહોંચી ગઈ હતી. જે ૨૦૨૨-૨૩માં ૮૫૫૯.૬૬ કરોડની હતી. રાજય સરકારે જંત્રીવધારાની અગાઉથી જ જાહેરાત કરી દીધી હતી એટલે એપ્રિલ ૨૦૨૩ પુર્વે જ મિલ્કત દસ્તાવેજો કરી લેવા માટે ધસારો થઈ ગયો હતો. રાજય સરકારે ગત વર્ષે જંત્રીદરનો નવો મુસદ્દો તૈયાર કર્યો હતો.

રાજયવ્યાપી સર્વે હાથ ધરીને નવા જંત્રીદર તૈયાર કર્યા હતા અને તેમાં વાંધાસૂચનો મંગાવ્યા હતા. અનેક કિસ્સામાં જંત્રીદરમાં ૧૦૦ ટકાથી માંડીને ૨૦૦૦ ગણો વધારો સુચવાયો હોવાથી ઉહાપોહ થયો હતો.

સરકારે વાંધા-સૂચના મેળવ્યા હતા અને તેના આધારે પુર્નસમીક્ષા હાથ ધરવામાં આવી હતી. રાજય સરકારના એક સીનીયર અધિકારીએ કહ્યું કે વ્યાપક-વિસ્તૃત સર્વેના આધારે જ નવા જંત્રીદર નકકી કર્યા બાદ મુસદો તૈયાર કરાયો હતો.

અમુક કિસ્સામાં ૨૦૦ ગણો વધારો પણ હતો. આ કારણોસર જંત્રીદર વધારા પુર્વે મિલ્કત દસ્તાવેજના પ્રમાણમાં વધારો થયાનું મનાય છે. ભલે ૨૦૨૩-૨૪ની સરખામણીઓ ૨૦૨૪-૨૫માં સ્ટેમ્પ ડ્યુટી-રજીસ્ટ્રેશન ફીનો આવક વધારો ઓછો




છે છતાં ૧૦૦૦ કરોડની વૃદ્ધિ નાની નથી. ૨૦૨૩-૨૪માં તો જંત્રીદર ડબલ કરાયો હોવાથી સરકારી આવકમાં મોટો વધારો થયો હતો.દરમ્યાન રાજય સરકાર ૨૦૨૫-૨૬ના ચાલુ નાણાંકીય વર્ષમાં સ્ટેમ્પ ડ્યુટી-રજીસ્ટ્રેશન ફીની આવકથી સરકારી તિજોરી છલકાવવાની આશા રાખી રહી છે. ચાલુ વર્ષમાં આવકમાં ૫૦૯૪ કરોડનો વધારો થવાનો અંદાજ નાણાંપ્રધાન કનુભાઈ દેસાઈએ બજેટમાં જ દર્શાવ્યો હતો. આ સંજોગોમાં સરકારની આવક ૨૦૦૦૦ કરોડની નજીક થઈ શકે છે.રાજય સરકારના એક સીનીયર અધિકારીએ કહ્યું કે વર્તમાન જંત્રીદરના આધારે આવકધારાનો અંદાજ મુકાયો છે. આ સૂચિત જંત્રીદરને લક્ષ્યમા લેવાયા નથી. નવા જંત્રીદર લાગુ થવાના સંજોગોમાં સ્ટેમ્પ ડ્યુટી- રજીસ્ટ્રેશન ફીનો આવક વધારો ઘણો મોટો હતો.

## NSEમાં ઈન્વેસ્ટર્સ અકાઉન્ટ્સની સંખ્યા બાવીસ કરોડની ઉપર પહોંચી

### ઓક્ટોબર ૨૦૨૪માં UCCની સંખ્યા વીસ કરોડને વટાવી ગઈ હતી : ૨૦૨૫ની ૩૧ માર્ચે UCCની સંખ્યા ૧૧.૩ કરોડ થઈ હતી જે ૨૦૨૫ની ૨૦ જાન્યુઆરીએ ૧૧ કરોડ હતી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)માં રોકાણકારોનાં કુલ ખાતાં એટલે કે યુનિક ક્લાયન્ટ કોડ્સ (UCC)ની સંખ્યા બાવીસ કરોડની ઉપર પહોંચી ગઈ છે. ઓક્ટોબર, ૨૦૨૪માં UCCની સંખ્યા વીસ કરોડને વટાવી ગઈ હતી. ૨૦૨૫ની ૩૧ માર્ચે UCCની સંખ્યા ૧૧.૩ કરોડ થઈ હતી જે ૨૦૨૫ની ૨૦ જાન્યુઆરીએ ૧૧ કરોડ હતી.

NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કળષણને કહ્યું કે નભારતમાં રોકાણકારોની સંખ્યા ઝડપથી વધી રહી છે. બે કરોડ અકાઉન્ટ માત્ર છ મહિનાના ગાળામાં ખૂલ્યાં છે જે વિશ્વના વિપરીત વાતાવરણમાં પણ રોકાણકારોના મૂડીબજારમાં રહેલા મજબૂત વિશ્વાસને દર્શાવે છે. આ વળદ્ધિ પાછળનું કારણ ઝડપી ડિજિટલાઈઝેશન અને મોબાઈલ-ટ્રેડિંગનું વધેલું ચલણ છે, કારણ કે મોબાઈલ દ્વારા કેપિટલ માર્કેટનો એક્સેસ કરવાનું આસાન બન્યું છે. આ વળદ્ધિ એ પણ દર્શાવે છે કે રીટેલ સામેલગીરીને વધારવાના પ્રયત્નો સફળ રહ્યા છે. રોકાણકારોની સમજમાં પણ વધારો થયો છે. NSEની આ સિદ્ધિ નાણાકીય ઈકોસિસ્ટમ પુખ્ત બની હોવાનો સંકેત આપે છે.

રોકાણકારો વિવિધ બ્રોકરો પાસે ખાતાં ખોલાવી શકે છે. સૌથી અધિક ક્લાયન્ટ કોડ્સ મહારાષ્ટ્રમાં (૩.૮ કરોડ) અને એ પછીના ક્રમે ઉત્તર પ્રદેશ (૨.૪ કરોડ)માં છે. ગુજરાતમાં ૧.૯ કરોડ અને રાજસ્થાન તેમ જ પદ્ગમિ બંગાળમાં ૧.૩ કરોડ ક્લાયન્ટ કોડ નોંધાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫ની ૩૧ માર્ચે UCCની સંખ્યા ૧૧.૩ કરોડ થઈ હતી જે ૨૦૨૫ની ૨૦ જાન્યુઆરીએ ૧૧ કરોડ હતી.




## અમદાવાદમાં અગ્નિકાંડઃ બાળકો-મહિલાઓને લટકાવીને નીચે ઉતારાયા

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલા પરિસ્કાર-૧ ફ્લેટમાં બપોરે ફાટી નીકળેલી આગની ઘટનાએ વધુ એક વખત નાગરિકોમાં ભયનો માહોલ ખડો કરી દીધો હતો. બહુમાળી ફ્લેટના સી વિંગના પાંચમા માળે એકાએક આગની સાથે ધુમાડા ઉપર અને નીચેના માળ સુધી પ્રસરી જતાં રહીશોના જીવ તાળવે ચોંટી ગયા હતા. લોકોએ જીવ બચાવવા ઉપલા માળેથી પોતાના બાળકોને નીચેના માળે લટકાવીને સલામત રીતે નીચે ઉતાર્યા હતા.

બીજી તરફ ફાયર બ્રિગેડને જાણ થતાં જ જમાલપુર, મણિનગર, ગોમતીપુર અને ઓઢવ ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને



આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. ફ્લેટમાંથી ૧૭ લોકોનું રેસ્ક્યુ કરાયું હતું. ભીષણ આગ દરમિયાન બાળકો, મહિલાના સ્થાનિકોએ કરેલા રેસ્ક્યુના વાયરલ વીડિયોથી સમગ્ર શહેરમાં આ ઘટનાએ ચકચાર મચાવી હતી. ખોખરા સર્કલ પાસે આવેલા પરિસ્કાર-૧ના સી બ્લોકમાં પાંચમા માળે આવેલા ઈલેક્ટ્રિક ડકમાં બપોરે ૩.૩૦ વાગે ઓવર હિટિંગના કારણે આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બહુમાળી ફ્લેટની પગથિયાના પેસેજમાં આગ અને ધુમાડાએ સામ્રાજ્ય જમાવી દીધું હતું.

આગની જાણ થતાં સી વિંગમાં બપોરના સમયે મોટાભાગે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો જ ફ્લેટ્સમાં હોવાથી તેમજ આસપાસની વિંગ્સના લોકોએ હોહા મચાવી દીધી હતી.

## સાળંગપુર ધામમાં હનુમાન જન્મોત્સવની ભાવસભર ઉજવણી : ભવ્ય કળશયાત્રા યોજાઈ

**મુખ્ય સમાચાર,સાળંગપુર**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શ્રી હનુમાન જન્મોત્સવ અંતર્ગત પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૧-૦૪-૨૦૨૫ને શુક્રવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને શ્રીલંકાથી મંગાવેલ ૭૦૦ પીસના ફુલોથી -સેવંતીના મીક્સ ફુલોનો અને થાઈલેન્ડ થી મંગાવેલ હારનો દિવ્ય શણગાર કરાયો હતો. સાંજે ૪:૩૦ કલાકે નારાયણ કુંડથી નીકળી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરના પ્રાંગણ સુધી ભવ્યાતિભવ્ય કળશયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં પીપુડી-શરણાઈવાળા-૧૨૫, અખાડાવાળા, કાર્નિવલ-વ્યોમ બલુન સેવા-૬ બલુન કાર્ટુન, એર કાર્ટર, જોકર-૬, બાંબુમેન-૨, બગીજી ૫-૫ ,બગી ઘોડા-૪, જીપ-૩, માફક બેન્ડ સ્ટાફ-૩૦, છત્રી, ડી.જે.-૩, હાથી-૪, થાર-૧૦, જીપ-૧, સાફાવાળા, ટીમલી ડાન્સ, ડાંસીંગ ઘોડી-૨, અગનગોળા-૬, હનુમાનજી મંકી-૬, થીમ ગૃપ, નાસીક ઢોલ, સીદી ડાન્સ, હનુમાનજી, સુખપુર રાસમંડળી લેડીઝ બેન્ડ, બળદગાડા, અઘોરી નૃત્ય-૧૦ કલાકાર વિગેરે સાથે ભવ્યાતિભવ્ય કળશયાત્રા પવિત્ર શ્રી નારાયણ કુંડથી નીકળી મંદિરના પ્રાંગણ સાંજે ૬:૪૫ કલાકે પહોચી હતી.

વિશેષ કળશયાત્રાની ભવ્યતા વાત કરીએ તો....દાદાના મહાભિષેક માટે લઈ જવાતું સુવર્ણ કળશમાં સપ્તસિંધુનું પવિત્ર જળ રાખવામાં આવ્યું હતું.



પ્રસાદી ભૂતસ્થાનના જળમાં ઉન્મતગંગા (ઘેલો), નારાયણ સરોવર, પંપા સરોવર, મહાકુંભ ત્રિવેણી સંગમ, ગોદાવરી, સાબરમતી, ગંગાજી,નર્મદા,મંદાકિની, કપિલા, નારાયણકુંડ, મોના, તાપી, અરૂણા, વરૂણા, શિવાલય સરોવર, ચંદ્રભાગા, વિશ્વામિત્રી, તુંગભદ્રા,પાતળગંગા (સ્કાફટિકશીલા), કાવેરી, પુષ્કરણી સરોવર, અક્કા તોલી સરોવર, તોતાદ્રકરી સરોવર, કન્યાકુમારી સમુદ્ર, રામેશ્વર સમુદ્ર, લક્ષ્મણ કુંડ,. બાવીસ કુંડ, અરબ હિન્દ મહાસાગર, વિષ્ણુ કાંચી સરોવર, આકાશ પાતાળ ગંગા (તિરૂપતિ), જગન્નાથપુરી સમુદ્ર , ચક્રતીર્થ, ચંદન તલાવડી,ઈન્દ્રધુમ્ન સરોવર, ભુવનેશ્વર નદી વગેરે પ્રસાદી ભૂતસ્થાનના જળને કળશમા રાખવામાં આવ્યું હતું.

## ગુજરાતમાં રાજકીય ફોકસ વધારવા કોંગ્રેસ દ્વારા ઘડાયેલા પ્લાન સામે પાર્ટી માંથી નારાજગીનો સુર ઉઠયો

### જાતિ આધારિત રાજનીતિના પરિણામ લાંબાગાળે આત્મઘાતી બનતા હોવાનો એક વર્ગનો સુર

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

જાતિ આધારિત વસ્તી ગણતરીની સાથોસાથ અનુસૂચીત જાતિ-જનજાતિ તથા પછાત-લઘુમતી વર્ગ પર વધુ ફોકસ કરીને ગુજરાતમાં રાજકીય ફોકસ વધારવા પાર્ટી દ્વારા ઘડાયેલા પ્લાન સામે પાર્ટીના જ એક વર્ગમાં નારાજગીનો સુર ઉઠયો છે.

પાર્ટી નેતાગીરીના આ પ્લાનથી કોંગ્રેસના તમામ નેતા ખુશ નથી. અધિવેશન દરમ્યાન જ કેટલાંક બેઠકમાંથી નિકળી ગયા હતા અને આ મામલે અંદરખાને કચવાટ છે.

ગુજરાતને લઈને નવો પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવમાં રાજ્યમાં જાતિગત જનગણના, અનુસૂચિત જાતિ અને જનજાતિઓ, પછાત અને લઘુમતીઓ પર વધુ ધ્યાન આપવાની વાત કહેવામાં આવી છે.

કોંગ્રેસ ગુજરાતમાં સામાજિક ન્યાયને આગળ કરીને ચાલવા માંગે છે. બીજી તરફ ગુજરાત કોંગ્રેસના કેટલાક નેતા તેને ભૂલ માની રહ્યાં છે, તેમનું કહેવું છે કે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ પણ આ ભૂલ કરી હતી.

મળતી માહિતી અનુસાર એક નેતાએ કહ્યું, માધવસિંહ સોલંકીએ ઊંઈઅખ એટલે કે ક્ષત્રિય, હરિજન, આદિવાસી,મુસ્લિમ ફોર્મુલા અપનાવવાને કારણે પાર્ટીને ૧૯૮૫માં ૧૪૯ બેઠક મળી હતી. જોકે, તેનાથી



પાટીદાર અને સવર્ણ અલગ થઈ ગયા હતા. ૧૯૯૦માં તેનું પરિણામ જોવા મળ્યું અને પાર્ટીને માત્ર ૩૨ બેઠક મળી હતી.

પાર્ટીના એક પદાધિકારીએ કહ્યું, આ રીતનો ઈતિહાસ સામે છે. મારૂ માનવું છે કે રાહુલ ગાંધીએ ગુજરાતને જાતિ આધારિત રાજનીતિથી અલગ જ રાખવા જોઈએ.

સૌરાષ્ટ્રના પાટીદાર ચહેરા પરેશ ધાનાણીએ આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. રાહુલ ગાંધીનું માનવું છે કે આ ફોર્મુલાથી ગુજરાતમાં રિકવર કરવામાં તેમને ઘણી મદદ મળશે. કોંગ્રેસને ગત વિધાનસભા ચૂંટણીમાં અત્યાર સુધીની સૌથી ઓછી ૧૭ બેઠકો મળી હતી. કેટલાક કોંગ્રેસ નેતાઓનું કહેવું છે કે આ રીતના દાવાથી ભલુ થવાનું નથી.

## મોરબી મહાનગરપાલિકા દ્વારા દીનદયાળ આજીવિકા મિશન હેઠળ પેસેન્જર રિક્ષા માટે રૂ. ૨ લાખની લોન અપાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**


મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા અમલમાં મૂકાયેલી પંડિત દીનદયાળ અંત્યોદય આજીવિકા મિશન યોજના હેઠળ મોરબી શહેરના રહીશની પેસેન્જર રિક્ષા માટે રૂ. ૨ લાખની લોન મંજૂર કરાઈ હતી. આ સાથે સરકાર દ્વારા ૭% વ્યાજ સબસીડીની સહાયથી તેમને આજીવિકા સુધારવા સહારો મળ્યો છે.

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા પંડિત દીનદયાળ અંત્યોદય આજીવિકા મિશન યોજના અંતર્ગત શહેરના નાગરિકોને નાના પાયે ધંધો અથવા રોજગાર શરૂ કરવા માટે બેંક મારફત લોન સહાય આપવામાં આવે છે. યોજનાના સ્વરોજગાર લોન સહાય ઘટક હેઠળ, લાભાર્થીઓને રૂ. ૨ લાખ સુધીની લોન પર ૭ ટકા વ્યાજ પર સરકાર તરફથી સબસીડી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત મોરબી મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નં. ૧૧ના મકરાણી વાસમાં રહેતા આગરીયા સલીમભાઈ જીવાભાઈએ યુ.સી.ડી. શાખામાં પેસેન્જર રિક્ષા ખરીદવા માટે અરજી કરી હતી. તેમની અરજીને અનુરૂપ બેંક ઓફ બરોડાની કેપિટલ માર્કેટ શાખાએ રૂ. ૨ લાખની લોન મંજૂર કરી હતી.

આ લોન સહાય મળ્યા બાદ સલીમભાઈએ પોતાનો પેસેન્જર રિક્ષાનો વ્યવસાય શરૂ કર્યો છે, જેના પરિણામે તેમના પરિવારની આજીવિકા અને આર્થિક પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. લોન સહાય બદલ તેમણે રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો.

## જામનગર જિલ્લામાં આગામી તા.૨૨ એપ્રિલ સુધી પોષણ પખવાડીયા ની ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર,જામનગર**



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૮ માર્ચ ૨૦૧૮ ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ.જે અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે માર્ચ માસમાં જનજાગૃતિ માટે પોષણ પખવાડીયા.ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લામાં પણ આગામી તા.૨૨ એપ્રિલ ૨૦૨૫ સુધી પોષણ પખવાડીયા ની ઉજવણી કરવામાં આવનાર છે. જેના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરાયું હતુ.સાથે જ બેઠકમાં સૌએ પોષણ પખવાડિયા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા. ચાલુ વર્ષે નપોષણ પખવાડા-૨૦૨૫થ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન વિવિધ થીમ પર કરવામાં આવનાર છે. જેમાં જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો પર ધ્યાન કેન્દ્રિત કરવું, પોષણ ટ્રેકરમાંના લાભાર્થી મોડ્યુલનો પ્રચાર-પ્રસાર, સી.એમ.એ.એમ. મોડ્યુલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન તેમજ બાળકોમાં સ્થુળતાને દુર કરવા માટે સ્વસ્થ જીવન શૈલી થીમનો સમાવેશ થાય છે. વધુમાં કાર્યક્રમ અંતર્ગત સમગ્ર પખવાડીયા દરમિયાન બાળ તુલા દિવસની ઉજવણી, ગૃહ મુલાકાત, મમતા દિવસની ઉજવણી, સ્વચ્છતાના અંગેનો પ્રચાર-પ્રસાર, બાળકોમાં સ્થૂળતાને દુર કરવા પર નિબંધ સ્પર્ધા.વકતૃત્વ સ્પર્ધા, પોષ્ટિક આહાર તથા ટી.એચ.આર.નો પ્રચાર-પ્રસાર, તંદુરસ્ત આહાર પ્રથાઓ અંગે જાગૃતિ શિબિર, વરસાદી પાણીના સંગ્રહને લગતી પ્રવૃતિ, ગર્ભાવસ્થા દરમિયાન એ.એન.સી.પર જાગૃતિ સેશન, સ્તનપાન પર શિબિર તથા ઘર મુલાકાત, બાળકોમાં સ્થૂળતાને દુર કરવા માટે દોડ સ્પર્ધા.રમતો, વાનગી, રંગોળી, નિબંધ સ્પર્ધા તથા પૂર્ણા દિવસની ઉજવણી સહિતના કાર્યક્રમો યોજાશે.બેઠકમાં કલેક્ટરએ આંગણવાડી તથા શાળાએ જતા બાળકોની સમયાંતરે આરોગ્ય ચકાસણી કરી એકપણ કુપોષિત બાળક રહી ન જાય તેની કાળજી લેવા ઉપસ્થિત અધિકારીઓને સુચન કર્યુ હતુ. તેમજ આરોગ્ય વિભાગ અને આઈ.સી.ડી.એસ.ને સંકલનમાં કામગીરી કરી જામનગર જિલ્લાને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ. વધુમાં દવાઓ તથા પોષક આહાર દરેક બાળક સુધી નિયમીત રીતે પહોંચે તે પ્રમાણે કામગીરી હાથ ધરવા જણાવ્યું હતુ.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પુરવઠા અધિકારી બારડ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ, પ્રોગ્રામ ઓફિસર પ્રજ્ઞાબેન રાવલ તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબીના વીસીપરા વિસ્તારમાંથી દેશી હાથ બનાવટની બંદૂક સાથે એક ઈસમને દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર,મોરબી**




મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે રેઈડ કરી વીસીપરા સ્મશાન રોડ ઉઓરથી એક ઈસમને દેશી હાથ બનાવટની બંદૂક(કટ્ટો) સાથે ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી બી ડિવિઝન પોલીસ મથકની સર્વેલેન્સ ટીમ, પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન હેડ કોન્સ. જગદિશભાઈ ડાંગર, હેડ કોન્સ. સંજયભાઈ રાઠોડ તથા કોન્સ. વિપુલભાઈ બાલસરાને સંયુકતમાં ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે, મોરબી વીસીપરા સ્મશાન રોડ ઉપર એક ઈસમ દેશી હાથ બનાવટનો કટો બંદુક સાથે આંટા ફરે છે, જે મુજબની હકિકતને આધારે તુરંત ઉપરોક્ત સ્થળે તપાસ કરતા, વર્ણનવાળો ઈસમ મળી આવતા તેને કોર્ડન કરી તેની અંગ ઝડતી કરતા તેની પાસેથી દેશી હાથ બનાવટની બંદૂક કિ.રૂ.૫,૦૦૦/-મળી આવી હતી, જેથી આરોપી આદિનાભાઈ ઈકબાલભાઈ મકરાણી ઉવ.૩૧ રહે. કે.જી.એન. પાર્ક વાવડી રોડ મોરબીવાળાની સ્થળ ઉઓરથી અટકાયત કરી તેની વિરુદ્ધ આર્મ્સ એક્ટ મુજબનો ગુનો રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ટંકારાના લજાઈના જોગ આશ્રમ ખાતે ૪૫ સગર્ભા માતાઓ ગર્ભ સંસ્કાર કાર્યક્રમમાં જોડાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**





અટલ સ્વાન્તઃ સુખાય યોજના અંતર્ગત મોરબી જીલ્લા વિકાસ અધિકારીએ પ્રોજેક્ટ અભિમન્યુ માં સગર્ભા બહેનોના ગર્ભ સંસ્કાર થાય અને આવનારી પેઢીનું સારું નિર્માણ થાય તે માટે મોરબી જીલ્લાના દરેક તાલુકામાં આ કાર્યક્રમ કરવા જણાવેલ તે અંતર્ગત આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ટંકારાના લજાઈ ગામે જોગ આશ્રમ ખાતે ગર્ભ સંસ્કાર કાર્યક્રમનું આયોજન ભારતીય સંસ્કૃતિ મુજબ વિધિગત રીતે કરવામાં આવ્યું હતું.

ટંકારાઃ તા. ૧૧ એપ્રિલના રોજ લજાઈના જોગ આશ્રમ ખાતે કુલ ૪૫ સગર્ભા માતાઓનું ગર્ભ સંસ્કાર આર્યસમાજ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર હર્ષાબેન મોર દ્વારા ગર્ભ સંસ્કારથી થતા સગર્ભા માતા, બાળક, પરીવાર અને આવનારી પેઢીને થતાં ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દાતાઓ દ્વારા સગર્ભા બહેનોને પોષ્ટિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ગર્ભ સંસ્કાર કાર્યક્રમમાં જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ચંદ્રિકાબેન કડીવાર, નાયબ જીલ્લા વિકાસ અધિકારી, આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસર મયુરીબેન ઉપાધ્યાય, બાળ વિકાસ યોજના અધિકારી તેજલ દેકાવડીયા, મુખ્ય સેવિકા રાજેશ્રીબેન ત્રિવેદી, લજાઈ તલાટી કમ મંત્રી અને વહીવટદાર, આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને ગર્ભ સંસ્કાર કાર્યક્રમના દાતાઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા


## ઊંડ-૧ ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાનું કામ શરૂઃ ડેમના હેઠવાસના ગામોને સૂચના



જામનગર તાલુકાના ઊંડ-૧ ડેમમાંથી ૭૦ એમસીએફટી પાણીનો જથ્થો છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં પાણી છોડતી વખતે અસરગ્રસ્ત ગામોના ખાતેદારો દ્વારા વિરોધ થયો હતો. તે બાબતને ધ્યાને લઈ પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ઊંડ-૧ ડેમમાંથી પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. ઊંડ-૧ ડેમના હેઠવાસના ચેક ડેમો ભરવા માટે પાણી છોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જામનગર તાલુકાના છ અને ધ્રોળ તાલુકાના આઠ તેમજ જોડિયા તાલુકાના એક ગમ આ ડેમના હેઠવાસમાં આવે છે. આ ગામોના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવાની તાકીદ કરવામાં આવી છે.

## ગોંડલ રોડ પર સૂર્યમુખી હનુમાનજી મંદિરે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી

### સાંજે ૭ વાગ્યે મહાઆરતીઃ રાત્રે ૮ વાગ્યાથી મહાપ્રસાદ...



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલા સૂર્યમૂખી હનુમાનજી મંદિરે આગામી તારીખ ૧૨ એપ્રિલ ૨૦૨૫ ને શનિવારના રોજ હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ છે..

મંદિર ખાતે સાંજના ૭ વાગ્યે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યુ છે જ્યારે રાત્રીના ૮ વાગ્યાથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ છે.

હનુમાન જયંતિના દિવસે મંદિરને શુશોભિત અનોખું ડેકોરેશન કરવામાં આવ્યું છે. અને વહેલી સવારથી જ ભાવિક ભક્તો દર્શનનો લાભ લઈ શકશે..મંદિર ખાતે મહંત હરભજનદાસબાપુ ની ઉપસ્થિતિમાં મહાઆરતી યોજાશે ત્યારબાદ મહાપ્રસાદની શરૂઆત થશે જેમાં તમામ ભાવિક ભક્તોને અને ધર્મપ્રેમી જનતા મહાપ્રસાદ માં ઉપસ્થિત રહેવા મંદિરના મહંત શ્રી હરભજનદાસબાપુ એ આમંત્રણ આપે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી સૂર્યમુખી હનુમાનજી મંદિર મિત્ર મંડળ જહેમત ઉઠાવી રહ્યુ છે..વધુ માહિતી માટે મો.નં.૮૧૫૫૦૭૭૭૭૧ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

## જામનગર ગ્રામ્ય વિસ્તારમાં તોડ કરતી કથિત પત્રકાર ટોળકી ઝડપાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**




જામનગર જિલ્લામાં બનાવટી પત્રકાર અને તેમની ટોળકીનો પર્દાફાશ થયો છે.પોલીસે આ મામલે ૬ લોકો સામે ફરિયાદ નોંધી છે. આ ટોળકી જામનગર, ધ્રોલ અને જોડિયા તાલુકામાં સક્રિય હતી. એક કથિત પત્રકાર અને ત્રણ-ચાર યુવતીઓ કાર લઈને ગામડાઓમાં ફરતા હતા. તેઓ રેતી-માટીનું ઉત્ખનન કરતા ગ્રામજનોને નિશાન બનાવતા હતા. રિપોર્ટિંગના નામે વિડિયો ઉતારી, તેને વાયરલ કરવાની ધમકી આપી પૈસા પડાવતા હતા.એક ગામમાં બનાવટી ચેકિંગ દરમિયાન ગ્રામજનોને શંકા જતાં આ શખ્સને પકડી લેવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં સામે આવ્યું કે ૨૨ માર્ચના રોજ ફલ્લા ગામના ખેડૂત ભરતભાઈ દલસાણીયા પાસેથી પણ ૩,૦૦૦ રૂપિયા પડાવી લીધા હતા. આરોપીઓમાં ખંભાળિયાના કથિત પત્રકાર પ્રવીણ કરસનભાઈ પરમાર, જામનગરના પુંજા કમાભાઈ ચાવડા, વૈશાલી મનીષભાઈ ધામેચા, જ્યોતિ હિંમતભાઈ મારકણા અને વીરૂ સવજીભાઈ પરમારનો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ અન્ય કેટલા ગ્રામજનો આ ટોળકીનો શિકાર બન્યા છે તેની તપાસ પણ હાથ ધરી છે.આ અંગે ઉઢજ્ઞ રાજેન્દ્ર દેવતાએ જણાવ્યું હતું કે, આ લોકો પત્રકાર તરીકેની ઓળખ આપી માટી ભરતા ટ્રેક્ટર તેમજ જેસીબી, ડમ્પરવાળાને રોકી તેમના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી પૈસા પડાવતા હતા. આ બાબત પોલીસે ધ્યાનમાં આવતા તે દિશામાં તપાસ કરતા આરોપીઓ ફલા ગામના વ્યક્તિ સાથે છેતરપિંડી કરતા તેમની ધરપકડ કરાઈ છે.આરોપીમાં પ્રવીણ કરસનભાઈ પરમાર જામખંભાળિયાનો છે, જે આંબેડકર દર્પણ ન્યુઝ નામનું સાપ્તાહિક ચલાવે છે. જેના બેઝ ઉપર અન્ય ત્રણ સ્ત્રીઓને સાથે રાખીને લોકોને ધમકાવીને પૈસા પડાવતા હતા. આની અંદર અન્ય વ્યક્તિઓ પણ હોવાની શંકા છે તે દિશામાં હાલ પોલીસ તપાસ કરી રહી છે. હાલ ચારે આરોપી પોલીસ કસ્ટડીમાં છે. આ આરોપી વિરુદ્ધ અગાઉ પણ લાલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## મોરબીમાં હાઈવે ઉપર ભારે વાહન વિરૂધ્ધ ચેકિંગ ડ્રાઈવમાં ૪૨૨ વાહનોનું ચેકિંગ કરતી જીલ્લા પોલીસ

### ડ્રાઈવ દરમિયાન ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૪૫ હજારથી વધુનો દંડ વસુલ કરાયા

**મુખ્ય સમાચાર,મોરબી**



પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર રાજકોટ રેન્જની સુચના મુજબ ટ્રાફિક નિયમોની અમલવારી કરવા જણાવેલ હોય જેથી પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીની સુચના અને માર્ગદર્શન હેઠળ વાહન અકસ્માતમાં ઘટાડો લાવવા તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા માટે વાહન ચેકિંગ ડ્રાઈવ રાખવા આવેલ જેથી મોરબી જીલ્લામાં તા.૧૧/૦૪ના ભારે વાહન ચેકિંગ ડ્રાઈવ રાખેલ, ત્યારે આ ડ્રાઈવ દરમ્યાન રોંગ સાઈડ ચાલતા વાહનો, વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય, નંબર પ્લેટ વગરના વાહનો વિરૂધ્ધ કડક કાર્યવાહી તેમજ ટ્રાફિક ભંગ કરતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરવા અંગેની ડ્રાઈવમાં કુલ ૪૨૨ વાહન ચેકીંગ કરી, કુલ રૂ.૪૫,૩૦૦/- નો દંડ વસુલ કરાયો હતો. મોરબી જીલ્લામાં તા.૧૧/૦૪ ના બપોરના ૪ થી ૭ વાગ્યા સુધી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો વિરૂધ્ધ સઘન કામગીરી કરવામાં આવી હતી. આ સરપ્રાઈઝ વાહન ચેકિંગ ડ્રાઈવમાં કુલ-૪૨૨ વાહનો ચેક કરવામાં આવ્યા હતા, જેમાં નંબર પ્લેટ વગરના વાહન ચાલકો સામે કુલ કેસ-૧૯ કેશો કરવામાં આવ્યા હતા, વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય તેવા વાહન ચાલકો સામે કુલ ૧૨ કેસો તથા લાયસન્સ ન હોય તેવા વાહન ચાલકો સામે કુલ ૨૩ કેસો, રોંગ સાઈડ તેમજ વધુ ગતીથી ચલાવતા વાહનો વિરૂધ્ધ કુલ-૦૭ ગુના રજીસ્ટર કરવામાં આવ્યા. આ સિવાય અડચણ રૂપ પાર્ક કરેલ કુલ ૩ વાહનો વિરૂધ્ધ ગુના રજીસ્ટર કર્યા હતા. આ વાહન ચેકિંગ ડ્રાઈવ દરમ્યાન એમ.વી.એકટ ૨૦૭ મુજબ કુલ ૧૯ વાહન ડીટેઈન કરવામાં આવ્યા હતા, સમગ્ર વાહન ચેકિંગ ડ્રાઈવ દરમ્યાન કુલ-રૂ-૪૫૩૦૦/- દંડ વસુલ કરવામાં આવ્યો હતો. વધુમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા જીલ્લાવાસીઓને ચેતવણી સાથે અનુરોધ કરવામાં આવ્યો છે કે આગામી સમયમાં પણ ઉપરોક્ત ટ્રાફિક નિયમોનોનુ પાલન કરાવવા માટે તેમજ જીલ્લાના લોકોની સલામતી અને શાંતીનો માહોલ જળવાઈ રહે તેમજ જીલ્લામાં ટ્રાફિક વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા તથા શહેરમાં ભારે વાહનો, વન-વે રોડ, એક-બેકી પાર્કિંગ વ્યવસ્થા તેમજ સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા જાહેરનામાઓનુ લોકો પાલન કરે તેવી અપીલ કરવામાં આવી છે.

## ઉનાના વાંસોજ ગામે જૂની જર્જરીત શાળાને પાડીને નવી બનાવવાની માંગ સાથે ઉના પ્રાંત કચેરી આવેદન આપવામાં આવ્યું...

### નવી નકોર શાળામાં બાંધકામમાં લોટ પાણીને લાકડા જેવું બાંધકામ થયું છે તેવી લોકોમાં ચર્ચા

**અબ્દુલ પઠાણ**
**ઉના ગીર સોમનાથ**



ઉના તાલુકાના વાંસોજ ગામે ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ચાલી પ્રાર્થના એ સ્લેબ ઉપરથી પોપડા પડવાની ઘટના બનેલ.હતી આ ઘટનામાં ૭ જેટલા વિધાર્થીઓને માથાના ભાગે ઈજા પણ થયેલ... ત્યાર બાદ આ પ્રાથમિક શાળા ની છત ઉપરના પોપડા ઋજ્જક મા પણ મોકલવામાં આવેલા...અને હાલ આ શાળાના ઈમારત નું રિપેરિંગ કામ ચાલુ છે... પણ ગ્રામજનોની માંગ છે કે શાળાનું આ ઈમારત નબળી ગુણવત્તાનું હોય અને દરિયાઈ વિસ્તાર હોવાથી ફરી ભવિષ્યમાં પોપડા ખરવાની ઘટનાના બને એટલે નવું બિલ્ડિંગ બનાવવામાં આવે તેવી માંગ કરી છે. ગ્રામજનો એ દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને આ અંગે આવેદન પત્ર આપી રમત ગમતના મેદાન સાથે નવી શાળા અને બિલ્ડિંગ આપવાની માંગ કરતા આજે ઉના પ્રાંત કચેરીએ એ પહોંચી અને આવેદનપત્ર પાઠવી અને ધારદાર રજૂઆત કરી છે

## હળવદના ચરાડવા ગામે અસામાજિક તત્વ વિરુદ્ધ દબાણ હટાવવાની કામગીરી



હળવદ તાલુકાના ચરાડવા ગામે અસામાજિક તત્વ દ્વારા સરકારી જમીન ઉપર કરાયેલ દબાણ હટાવવા પોલીસ દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ઈંગ્લીશ-દેશી દારૂના ગુનાઓ સહિત અનેક ગુનાઓમાં આચારનારની કબ્જાવાળી પતરાની બે દુકાનો તલાટી મંત્રીને સાથે રાખી તોડી પાડવામાં આવી હતી. મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડાના માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ દ્વારા અસામાજિક તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ચરાડવા ગામમાં આવેલા કે.ટી.મિલ નજીક બૂટલેગર સદામ ગુલમહમદ ભટ્ટી દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરાયો હતો. જમીનનો વિસ્તાર અંદાજે ૩૨ ચોરસ મીટર હોય, જેની જંત્રી મુજબ કિંમત રૂ.૨૬,૫૫૦/- જેટલી આંકવામાં આવી છે. ઉપરોક્ત અસામાજિક તત્વ સદમ ભટ્ટી વિરુદ્ધ ઈંગ્લીશ-દેશી દારૂના, મારામારીના અને અપહરણ જેવા અનેક ગુનાઓ નોંધાયેલા છે, ત્યારે હળવદ પોલીસે તલાટી મંત્રીની હાજરીમાં પતરાથી બનેલી બે દુકાનોનું ડિમોલિશન કરી, સરકારી જમીન ખુલ્લી કરાવી સઘન કાર્યવાહી હાથ ધરી હતી.

## જામનગરના સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમની સીમાચિન્હ રૂપ અને અસરકારક કામગીરી

**જામનગર જિલ્લાના ૬૦ થી વધુ નાગરિકોની ૧.૨૧ કરોડની રોકડ રકમ અપાવી દીધી**

**મુખ્ય સમાચાર,જામનગર**


જામનગરના સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની છેલ્લા ત્રણ માસ દરમિયાન ખૂબ જ અસરકારક કામગીરી જોવા મળી છે, અને જિલ્લા ભરના ૬૦ થી વધુ નાગરિકોની છેલ્લા ત્રણ મહિના દરમિયાનની ઓનલાઈન બેન્કિંગ ફ્રોડ માં ગયેલી ૧ કરોડ ૨૧ લાખની રકમ અદાલત ના હુકમના આધારે પરત મેળવીને જે તે આસામી ના ખાતામાં જમા કરાવડાવી દીધી છે.

સાયબર ક્રાઈમ નાણાંકીય છેતરપીંડીનો ભોગ બનેલા જામનગર શહેર અને જીલ્લાના ૬૦ થી વધુ અરજદારોને અદાલતના હુકમ ના આધારે કૂલ રૂ.૧, ૨૧, ૨૨,૪૦૨ની રકમ જામનગરના સાયબર ક્રાઈમ પોલીસ મથક ના સ્ટાફ દ્વારા જેતે આસામી ને પરત તેઓના બેન્ક ખાતામાં જમા કરાવડાવી દીધી છે. રાજકોટ વિભાગના પોલીસ મહા નિરીક્ષક અશોક કુમાર યાદવ તથા જામનગરના જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ તથા જામ શહેરના નાયબ પો.અધિ. જયવિરસિંહ ઝાલા વગેરેએ સાયબર ક્રાઈમના ભોગ બનનાર નાગરિકોને તાત્કાલિક મદદરૂપ થવા અને તેમનાં ગુમાવેલાં નાણાં પરત અપાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવા પો.ઈન્સ. આઈ.એ.ઘાસુરાને માર્ગદર્શન હેઠળ સૂચના આપી હતી.

જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન જામનગરની ટીમ દ્વારા છેલ્લા ત્રણ માસ દરમિયાન સાયબર ક્રાઈમ નો ભોગ બનેલા ૬૦ થી વધુ અરજદારોનો સંપર્ક સાધી તેઓની બેંકની જરૂરી માહિતીઓ મંગાવી ફ્રોડમાં ગયેલા નાણા પરત મેળવવા સામેવાળાનાઓના બેન્ક એકાઉન્ટ ની માહિતીઓ મંગાવી છેતરપિંડીમાં ગયેલા રૂપિયા પરત મળી રહે, તે માટે અદાલત ના હુકમ મેળવી જામનગરના અરજદારોને રૂ.૧,૨૧,૨૨,૪૦૨.એક કરોડ એકવીસ લાખ બાવીસ હાજાર ચારસો બે. પરત કરાવેલા છે.

# પવનપુત્ર હનુમાનજી મહારાજના જન્મોત્સવની ભક્તિમાં લીન બનતા ભાવિકો

## રાજકોટમાં બાલાજી હનુમાનજી મંદિરે ૧૦૮ કુંડી મારૂતિયજ્ઞ, બટુક ભોજન, મહાઆરતી, કેક કટીંગ સહિતના અનુષ્ઠાનો


(તસ્વીરઃ આનંદ જાવિયા)




## સદગુરૂ આશ્રમ, ગીતા વિદ્યાલય સહિતના મંદિરોમાં બિરાજમાન હનુમાનજીની વિશેષ પૂજા

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ આજે ભગવાન રામચંદ્રજીના સેવક શ્રી હનુમાનજીની ભક્તિમાં રંગાઈ ગયું છે. આજે ચૈત્ર પુનમ અને તેમાંય આજે શનિવાર હોવાથી ભક્તોમાં હનુમાન જયંતીનો બેવડો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠેર ઠેર ધર્મયાત્રા, મારૂતીયજ્ઞ, હનુમાન ચાલીસા તથા સુંદરકાંડના પાઠ, મહાઆરતી, બટુક ભોજન, પ્રસાદ વિતરણ સહિતના આયોજનો કરાયા છે. લોકો હનુમાન ભક્તિમાં લીન બન્યા છે રાજકોટમાં ભુપેન્દ્ર રોડ પર આવેલ બાલાજી હનુમાનજી મંદિરમાં ૧૦૮ કુંડી મારૂતી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આજે આખો દિવસ મહાપ્રસાદ વિતરણ થશે. બાલાજી હનુમાનજીના દર્શનાર્થે વહેલી સવારથી લોકો ઉમટી પડ્યા છે. વિવિધ અનુષ્ઠાનો કરાયા છે. રોશની અને સુશોભન કરવામાં આવેલ છે.બડે બાલાજી સુતા હનુમાનજી સોરઠીયા વાડી ચોક નજીક કમલેશ્વર મહાદેવ મંદિરે બિરાજમાન છે. ત્યાં વિવિધ અનુષ્ઠાનો કરાયા છે. રાજકોટમાં સદગુરૂ આશ્રમ, ગીતા વિદ્યાલય સહિતના મંદિરોમાં બિરાજમાન હનુમાનજીની વિશેષ પૂજા આરતી તેમજ વિવિધ વિસ્તારોમાં આવેલી દેરીઓમાં પૂજન આરતી તથા મહાપ્રસાદ યોજવામાં આવેલ છે. આખો દિવસ ઠેર ઠેર બુંદી ગાંઠીયાના પ્રસાદનું વિતરણ કરાશે.

# બામણબોર ચેક પોસ્ટ પાસે ૮૩૬ પેટી દારૂ ભરેલા ટ્રક સાથે ચાલકની ધરપકડ

## ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમીના આધારે વોચ ગોઠવી હતીઃ ટ્રક સહિત કુલ રૂપિયા ૬૯.૩૭ લાખનો મુદ્દામાલ કબજેઃ દારૂનો જથ્થો મગાવનાર રાજકોટના બુટલેગરની શોધ




**સામુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર પોલીસ દ્વારા રાજકોટ શહેર માં દારૂનો એકલો ચલાવતા બુટલેગરો મે પોલીસે લાલા આંખ કરી છે ત્યારે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને વિદેશી દારૂ ભરેલા ટ્રકને ઝડપી લેવામાં સફળતા મળી છે રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા બામણબોર ચેકપોસ્ટ પાસે બદમીના આધારે ક્રાઈમ બ્રાઈટની ટીમે ૮૩૬ પેટી દારૂ રાજસ્થાનથી રાજકોટમાં ઘુસાડવામાં આવે તે પહેલા જ ઝડપી લઈ ટ્રકચાલકની ધરપકડ કરી છે

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગઈકાલે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના એએમઆર ગોંડલીયા ની સૂચનાથી પીઆઇ એમ એલ ડામોર તથા સીએચ જાદવ ના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોરીચા તથા દિપકભાઈ ચૌહાણ તથા વિશાલભાઈ દવે સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર વિદેશી દારૂ ભરેલો ટ્રક રાજસ્થાન થી રાજકોટ આવી રહ્યો હોવાની હકીકત મળતા પોલીસે બામણબોર ચેકપોસ્ટ આગળ વોચ ગોઠવી હતી તે દરમિયાન એક ટ્રક નંબર જીજે સિક્સ એ એક્સ ૬૩૫૦ નંબરનો સબકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી ટ્રકની તલાસી લેતા જુદી જુદી બ્રાન્ડ ને વિદેશી દારૂની ૮૩૬ પેટી બોટલ નંગ ૧૬,૭૬૮ કિંમત રૂપિયા ૫૯.૨૯ લાખ નો દારૂનો જથ્થો મળી આવતા ટ્રકનો ચાલક પૂરક સિંહ સુજાનસિંગ રાજપુરોહિત રહે રડવા ગામ જીલ્લો બાડમેર રાજસ્થાન ના શખ્સની ધરપકડ કરી ટ્રક સહિત કુલ રૂપિયા ૬૯.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલા ટ્રક ચાલકની આપણી પૂછપરછ કરતા દારૂનો જથ્થો રાજસ્થાનથી લઈ રાજકોટ આપવાનો હોય અને એક મોબાઈલ નંબર માં બુટલેગર વફતિંફા કોલ કરી વધુ વિગતો આપતો હોય અને દારૂનો જથ્થો ક્યાં લઈ જવાનો હોય એ અંગે માહિતગાર કરતો હોય પોલીસે આ મોબાઈલ નંબર વડા બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# ભાવનગર, પંચમહાલ, મહીસાગર જિલ્લામાં કમોસમી વરસાદ



**મુખ્ય સમાચાર,ભાવનગર**

ગુજરાત ઉપરથી વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થતા ગઈકાલે ભાવનગર, પંચમહાલ, મહીસાગર જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ભાવનગરમાં તો ગાજવિજ સાથે કરા પડયા હતા. જયારે, અન્ય સ્થળોએ તાપમાન ઘટવા સાથે સાંજનાં સમયે ઠંડો પવન પણ ફુંકાયો હતો.

ભાવનગર શહેર માં ગઈકાલે સાંજે ભાવનગર શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો અને શહેરના માર્ગો ભીંજાઈ ગયા હતા. અને રસ્તા ઉપર પાણી ફરી રહ્યા હતા. બરફના કરા પડતા રાહદારીઓમાં નાશ ભાગ મચી ગઈ હતી. ભર ઉનારે વરસાદ વરસતા લોકોમાં કુતુહલ ફેલાયું હતું. સાંજે શહેરમાં વરસાદી માહોલ ઊભો થયો હતો.

# રંગીલા હનુમાન મિત્ર મંડળ દ્વારા હનુમાન જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી



રંગીલા હનુમાન મિત્ર મંડળ દ્વારા આયોજીત હનુમાન જયંતિ મહોત્સવ નિમીત્તે મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે ૧૯૮૯ થી મંડળ ના પ્રમુખ જયસુખભાઇ દુદકિયાએ હનુમાન જયંતિ મહોત્સવની શરૂઆત કરી હતી ત્યાર થી આજ સુધી સતત તેઓ , કાયેકતાઓ અને કેનાલ રોડ પ્રહલાદ રોડ ના વેપારી મિત્રો નો ખુબ સહયોગ સાંપડેલ છે આ વર્ષે હનુમાન જયંતિ મહોત્સવ મહાપ્રસાદ માં ૧૨૦ કિ. ગાંઠિયા, ૨૦૦ કિ. ગુંદી, ૧૫૦ કિ.ખમણ , ૨૦૦ કિ શાક ભાત , આયોજન કરેલ છે આજના આયોજનને સફળ બનાવવા જયસુખભાઇ દુદકીયા, તેજસ દુદકિયા,નરેશ દુદકિયા સહિતના ભાવિકોની ટીમ જેહેમત ઉઠાવી રહી છે

# બામણબોરની શાળામાં કલેક્ટરની ઓચિંતી મુલાકાત, છાત્રો સાથે ભોજન કર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી આનંદ સુરેશ ગોવિંદે રાજકોટ નજીક આવેલા બામણબોર ગામની પ્રાથમિક શાળા, આંગણવાડી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. પ્રાથમિક શાળા વર્ગખંડોમાં જઈને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી અને કોમ્પ્યુટર વિશે માહિતી આપી હતી. ત્યારબાદ, તેમણે મધ્યાહન ભોજન રસોડાની મુલાકાત લીધી હતી અને ભોજનની ગુણવત્તા તપાસી મધ્યાહન ભોજન માટે સ્લેબ વાળું રસોડું બનાવવાની સૂચના આપી હતી. વિદ્યાર્થીઓ સાથે મધ્યાહન ભોજનમાં પૂરી અને શાકનો આનંદ માણ્યો હતો.તેમજ આંગણવાડીના રસોડામાં સુખડી અને ચણાના ભોજનની ગુણવત્તા પણ તપાસી હતી.

કલેક્ટર અને ડીડીઓએ શાળાના વિદ્યાર્થીઓ સાથે બેસીને ભોજન લીધું હતું અને તેમની સાથે વાતચીત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ભણાવ્યા પણ હતા આંગણવાડીની મુલાકાત દરમિયાન બાળકોને અપાતા પૌષ્ટિક આહારની ગુણવત્તા તપાસી હતી. તેમણે બાળકો સાથે વાતચીત કરી હતી અને તેમની સાથે રમ્યા હતા.પાણીની વ્યવસ્થા અને મધ્યાહન ભોજનની વ્યવસ્થા વિશે ચર્ચા કરી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી આનંદ સુરેશ ગોવિંદની પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લઈ ત્યાં સુવિધાઓનો અભાવ જોઈને નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓને ખખડાવ્યા હતા અને તાત્કાલિક જરૂરી સૂચનાઓ આપી હતી. તાત્કાલિક ધોરણે જરૂરી સુવિધાઓ પૂરી પાડવાનો આદેશ આપ્યો હતો. તેમણે ખાસ કરીને બે રૂમની વ્યવસ્થા, લેબોરેટરીની સુવિધા અને ડોક્ટરોની ખાલી જગ્યાઓ ભરવાની સૂચના આપી હતી. આ મુલાકાત દરમિયાનજિલ્લા કલેક્ટર પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી આનંદ સુરેશ ગોવિંદ સાથે ગ્રામ્ય પ્રાંત અધિકારી, ટીડીઓ અને ગ્રામ્ય મામલદાર સહિતના અધિકારીઓ હજાર રહ્યા હતાં.

# ભાવનગરના પાલીતાણામાં ટ્રક પાછળ બાઈક અથડાતા ત્રણ પિતરાઈ ભાઈઓના મોત

## ત્રિપલ સવારીમાં મોટર સાયકલ લઈ પાલીતાણા જતાં હતાઃ પરિવારમાં ભારે શોક

**મુખ્ય સમાચાર ભાવનગર**

ભાવનગર જિલ્લાના પાલીતાણા માં રોડ પર ૧૮ વ્હીલના ટ્રેલર ટ્રક પાછળ બાઈક અથડાતા થોરાળી ગામના ત્રણ પિતરાઈ ભાઈના મોત નિપજયા હતા. અકસ્માતની આ ઘટનાના પગલે પરિવાર અને ગામમાં શોકનું મોજુ ફેલાઈ ગયું હતું.



ભાવનગરના પાલીતાણા તાલુકાના થોરાળી (ડેમ ) ગામમાં રહેતા કમલેશભાઈ હિંમતભાઈ વાઘેલા અને તેમના કાકાના દીકરા રાહુલભાઈ ઠાકરશીભાઈ વાઘેલા અને દીપકભાઈ શામજીભાઈ વાઘેલા મોટરસાઈકલ નં.જી.જે.૦૪ એ.કે. ૯૨૧૬ લઈને પાલીતાણા જવા નીકળ્યા હતા અને પાલીતાણા પાસે આવેલ બીપીનભાઈ ના સર્વિસ સ્ટેશન પાસે પહોચતા તે સ્થળે ટાટા કંપનીના ચાલીસ અઢાર મોડલના અઢાર વ્હીલના ટ્રક નં.જી.જે.૪ એ.એક્સ. ૨૨૮૩ ના પાછળના ભાગે મોટરસાઈકલ અથડાતા ત્રણેય પિતરાઈ ભાઈઓને ગંભીર ઈજા થતા તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે માનસિંહજી હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે કમલેશભાઈ હિંમતભાઈ વાઘેલાને તપાસી મૃત જાહેર કર્યા હતા, જયારે ગંભીર ઈજાગ્રસ્ત રાહુલભાઈ અને દીપકભાઈને વધુસારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા, જયાં દીપકભાઈ અને રાહુલભાઈનું પણ સારવાર દરમિયાન મોત નીપજતાં મૃત્યુ આંક ત્રણ થયો હતો. અસ્માતની આ ઘટનાના પગલે ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. અસ્માતની આ ઘટના અંગે મૃતક કમલેશભાઈના ભાઈ બાલાભાઈ હિંમતભાઈ વાઘેલા ( રહે.થોરાળી, તા.પાલીતાણા) એ ટ્રકના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ કરી છે. આ બનાવ થી ગામમાં શોક ની લાગણી ફેલાઈ જવા પામી હતી.

# આજનો ઓખા-મુંબઈ સૌરાષ્ટ્ર મેલ બોરીવલી ખાતે શોર્ટ ટર્મિનેટ કરાયો



રેલ્વે વહીવટીતંત્ર દ્વારા માહિમ – બાંદ્રા વચ્ચે આવેલ બ્રિજ નંબર ૨૦ ના પુનર્નિર્માણ સંદર્ભે ગર્ડર ડિલોન્ચ કરવા માટે મેગા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના લીધે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો નીચે મુજબ પ્રભાવિત થશે જેમાં ૧૨.૦૪.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ બોરીવલી ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. ૧૩.૦૪.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૦૧૫ દાદર – પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ દાદર ના બદલે બોરીવલીથી ઉપડશે. ૧૨.૦૪.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૨૨૬૮ હાપા–મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ માર્ગમાં ૧ કલાક 30 મિનિટ મોડી થશે.૧૧.૦૪.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૦૧૬ પોરબંદર – દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ને બોરીવલી ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. ટ્રેન સંચાલન અને સ્ટોપેજ સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે, મુસાફરો .યક્ષીશુ.શિક્ષમશફક્ષફિશહ.લજ્ઞદ.શક્ષ ની મુલાકાત લઈ શકે છે.

# કાલે રાજકોટમાં UPSC દ્વારા ત્રણ કેન્દ્રો ઉપર NDA અને CDAની પરીક્ષા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ.સી.) દ્વારા કાલે૧૩ એપ્રિલને રવિવારે રાજકોટમાં ત્રણ કેન્દ્રો પર નેશનલ ડિફેન્સ એકેડેમી (એન.ડી.એ.) અને નેવેલ એકેડેમી પરીક્ષા (૧)-૨૦૨૫ અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા (૧)-૨૦૨૫ લેવામાં આવશે.

આ પરીક્ષા દરમિયાન કોઈપણ સમસ્યાના નિરાકરણ માટે જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ ખાતે કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેનો ફોન નંબર ૦૨૮૧-૨૪૭૬૮૯૧ છે.

આ પરીક્ષા સંદર્ભે મહત્ત્વની સૂચનાઓ જારી કરાઈ છે. જે મુજબ, પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ બંધ કરી દેવામાં આવશે. ઈ-એડમિટ કાર્ડ વગર કોઈ




ઉમેદવારોએ ઈ-એડમિટ કાર્ડમાં આપવામાં આવેલી સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો. ઉમેદવાર પરીક્ષા કેન્દ્રમાં માત્ર ઈ-એડમિટ કાર્ડ, પેન, પેન્સિલ, આઈડી પ્રૂફ અને પોતાના ફોટોગ્રાફ લઈ જઈ શકશે. મોબાઈલ ફોન, અન્ય આઈ.ટી. કે ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, સ્માર્ટ/ડિજિટલ વોચ, બુક્સ, બેગ્સ (ઈ-એડમિટ કાર્ડમાં જણાવેલી સૂચનાઓ અનુસાર) પરીક્ષા સ્થળ પર પ્રતિબંધિત છે. સ્થળ સુપરવાઈઝર આ વસ્તુઓ માટે કોઈ વ્યવસ્થા કરશે નહીં. ઉમેદવારે પોતાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે. આ વસ્તુઓ ગુમ થવાના કિસ્સામાં કમિશન જવાબદાર રહેશે નહીં. તમામ ઉમેદવારોને ઉપરોક્ત બાબતોની નોંધ લેવા, નિવાસી અધિક કલેક્ટરની યાદીમા ઉમેરાયુ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

